ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર તા. ૭ સપ્ટેમ્બર, ૨૦૧૦



# નકસલીઓ કહે છે મંત્રણા માટે સરકાર તૈયાર નથી, સરકાર કહે છે, નકસલીઓ તૈયાર નથી

ગયા ૨૯ ઓગસ્ટ, ૨૦૧૦ ને રોજ લખીસરાયના જંગલોમાં સક્રિય પોલીસની કોબરા બટાલિયન પર નકસલવાદીઓએ હુમલો કર્યો અને ૧૦ પોલીસ કર્મીઓનો ખાતમો બોલાવી દીધો. ચાર પોલીસ કર્મીઓનાં અપહરણ કર્યાં અને સરકાર પાસે પોતાના આઠ સાથીદારોની મુક્તિની માંગણી મૂકી. જો એ આઠ નકસલીઓને છોડી મૂકવામાં ન આવે તો અપહૃત પોલીસ કર્મીઓને પતાવી દેવામાં આવશે તેવી ધમકી મળી. સરકાર નકસલીઓને મામલે શકય તેટલી ઢીલાશ દાખવતાં શરમાતી નથી. આ પહેલી વારનું નથી. આ અગાઉ પણ સરકાર ઢીલાશ બતાવવામાં અચકાઇ નથી. એ જ ઢીલાશ તેણે હમણાં પણ બતાવી અને પરિણામ એ આવ્યું કે કોન્સ્ટેબલ લુકાસ ટેટેનો ગોળીઓથી વીંધાયેલો દેહ જંગલમાંથી મળી આવ્યો. તેની સાથે ચિઠ્ઠી પણ હતી કે તેમના આઠ સાથી નકસલીઓને છોડવામાં નહીં આવે તો બાકીના ત્રણ પોલીસ કર્મીઓની પણ આજ દશા થશે. તેમાં એક મહત્ત્વની લાઇન હતી, સમય ઝડપથી વહી રહ્યો છે. એનો અર્થ એવો થાય કે સમય વીતતો જતો હોવા છતાં સરકાર નિષ્ક્રિય રહી છે ને તેણે કોઇ પ્રતિભાવ આપ્યો નથી. બીજી તરફ મુખ્યમંત્રી નીતીશકુમારે મંત્રણા માટેની દરખાસ્ત કર્યા પછી બંધકોને છોડાવવા મંત્રણા કરવાની વળી તૈયારી બતાવી હતી.

લુકાસ ટેટેની લાશ મોકલી અપાઇ તે પછી બિહારના મુખ્યમંત્રી નીતીશકુમાર પર ભારે દબાણ આવ્યું અને પોલીસોના અપહરણથી સર્જાયેલ કટોકટીને હાથ ધરવા નીતીશે વિરોધ અને વિપક્ષોના સમાધાન માટે ચર્ચા કરવા સર્વપક્ષીય બેઠક બોલાવી. આ બેઠકમાં પૂર્વ મુખ્યમંત્રી લાલુપ્રસાદ યાદવ અને રામવિલાસ પાસવાને પોતાનો પાટલો જુદો માંડયો ને તેમણે બેઠકનો બહિષ્કાર કર્યો. લુકાસ ટેટેની લાશ મળી તે પછી બાકીના પોલીસ કર્મીઓને છોડાવવાની રીતમાં શો ફેરફાર થયો તે તો નથી બહાર આવ્યું, પણ મુખ્યમંત્રીના નિવાસની સુરક્ષા વધુ કડક કરી દેવાઇ. જોખમ પેલા ત્રણ પોલીસ કર્મીઓને માથે છે, પણ સુરક્ષા વધુ અપાઇ મુખ્યમંત્રીના નિવાસને! છે ને કમાલ? બહુ યોગ્ય રીતે જ અપહૃત પોલીસ કર્મી એહ્‌સાનખાનની પત્નીએ સીધો નીતીશકુમારનો જ કાંઠલો ઝીલતાં પૂછયું કે નકસલીઓની છેલ્લી ધમકી પછી મુખ્યમંત્રી આવાસની સુરક્ષા - વધારી દેવાઇ, પણ તેના પતિને છોડાવવા સરકારે ખરેખર શું કર્યું છે. તે બહાર આવ્યું નથી. આવાં અપહરણ જો નીતીશકુમારનાં સંબંધીઓનાં થયાં હોત તો મુખ્યમંત્રી આટલી જ ધીરજથી બેસી રહ્યા હોત કે? નીતીશકુમારે શો જવાબ આપ્યો તે તો ખબર નથી, પણ તેમની પાસે કોઇ જવાબ નહીં જ હોય તે સ્વયં સ્પષ્ટ છે. અપહરણ થનાર બીજા પોલીસકર્મી અભય યાદવની પત્ની રજનીદેવીએ પણ સરકારની ચામડી એમ કહીને ઊતરડી નાખી છે કે જો તેના પતિનો છુટકારો નહીં થાય તો પોતે પરિવાર સહિત આત્મદાહને માર્ગે જશે. સરકારની સક્રિયતાને આ તમાચો છે. જો મંત્રણા માટે સરકાર તૈયાર છે તો નકસલીઓએ એમ કેમ કહેવું પડયું કે સમય વીતતો જાય છે ને સરકાર તેમના આઠ સાથીઓ અંગે વાતચીત નહીં કરે તો બાકીના પોલીસ કર્મીઓની પણ એ જ હાલત થશે જે લુકાસ ટેટેની કરવામાં આવી છે?

કયાંક કોમ્યુનિકેશન ગેપ છે. વાત પહોંચતી નથી અથવા તો પહોંચવા દેવાતી નથી. સરકારની ઢીલાશ જગજાહેર છે. સરકારમાં કેટલાક નમૂનાઓ પાંજરાપોળી જીવદયા બતાવે છે તેઓએ એમ લાગે છે કે નકસલીઓ ભારતીયો જ છે ને તેમની સાથે બંદૂકની ભાષામાં વાત ન થાય. ઓ.કે, તેનો પણ વાંધો નથી. પણ આ ચમચાઓ મંત્રણા માટે નકસલીઓ તૈયાર થાય તે માટે કેમ તેમને રાજી નથી કરી શકતા? સરકારે જયારે પણ મંત્રણાનો મુદ્દો આગળ કર્યો છે, તો જવાબમાં થોડા જવાનોની લાશો પાર્સલ થઇને અહીં પહોંચી છે. સરકારના થોડા પિટ્ટુઓને એનું બળે છે કે નકસલીઓ ભારતીઓ છે. તેને એ નથી બળતું કે જવાનો પણ પરદેશથી નથી આવેલા, તેઓ પણ પૂરેપૂરા ભારતીય છે ને કારણ વગર તેમનાં હાડકાં નકસલીઓ કાણાં કરી રહ્યા છે. નકસલીપર આક્રમણ કરવું જોઇએ એવું તો કહેવાનું જ નથી. પણ તેઓ બેરહેમીથી આ દેશના જવાનોનો કોળિયો કરતા જતા હોય ને સરકાર તેમને ભોગે અહિંસાનો મહિમા કરતી હોય તો તે પાપ છે. નકસલીઓ શોષિત છે, પીડિત છે. અન્યાય વેઠી ચૂકયા છે એ સો ટકા સાચું. તેમની જમીનો હડપ થઇ છે ને તેમની સ્ત્રીઓ રંજાડાઇ છે તે પણ સાચું. તેઓ નિર્દોષ હોવા છતાં અન્યાયનો ભોગ બન્યા છે તે પણ સોવાર સાચું, સરકાર તેમના તરફ ઉદાસીન રહી છે ને તેમને લેખામાં જ નથી લેતી તે પણ કબૂલ, પણ તેનો બદલો તેવા જ અન્યાયથી કેવી રીતે લેવાય જે તેઓ વેઠવાને કારણે હિંસા તરફ વળ્યા છે? ઊંડીને પૂરી સહાનુભૂતિ છતાં નકસલીઓ નિર્દોષ જવાનોના મોત નીપજાવે તે વાજબી નથી. જે તેમની સાથે થયું તેજ તેઓ બીજા સાથે કરી રહ્યા છે ને વધારે ક્રૂરતાથી કરી રહ્યા છે. સહાનુભૂતિ ન થાય તે રીતે કરી રહ્યા છે. તે વહેલી તકે અટકવું જોઇએ. સરકાર તે અટકાવી શકવાની નથી. તેઓ પોતે અટકે તો જ વાત બને એમ લાગે છે.

કેન્દ્ર સરકારે બિહાર સરકારને પોલીસ ફોર્સ અને હેલિકોપ્ટરો પૂરા પાડયા છે ને તે રાજય સરકારની સાથે છે, પણ આ બધાંથી અસરકારક પરિણામો આવતાં નથી તે ચિંતાજનક છે. સરકારની ઢીલાશ અસહ્ય છે. તેણે જો થોડી ઝડપી પ્રતિક્રિયા આપી હોત તો લુકાસ ટેટેની હત્યા ન થઇ હોત. સરકારની બેદરકારીને કારણે એક પોલીસ કર્મી ખોવાનું બન્યું છે. ઉપનિરીક્ષક રૂપેશકુમારસિંહ, અભય યાદવ અને એહશાન ખાન હજી નકસલીઓના કબજામાં છે. નકસલીઓના બની બેઠેલા આકા અવિનાશે તો તેવો દાવો પણ કર્યો છે કે તેણે ઈન્સ્પેકટર અભય યાદવને પતાવી દીધો છે, પણ આ લખાય છે ત્યાં સુધી યાદવની લાશ મળી નથી એટલે તે દાવો પોકળ ઠરે એમ બને.

આ ઘટનામાં એક બીજો વળાંક પણ આવ્યો છે. બિહારના લખી સહાયમાં છ દિવસથી બંધક ત્રણ પોલીસ કર્મીઓને નકસલીઓએ છોડી મૂકવાની વાત પણ કરી છે જે આખીયે ઘટનાને નવેસરથી જોવા ફરજ પાડે તેમ બને. નકસલીઓ આ પોલીસ કર્મીઓને સરકારને નહીં સોંપે, પણ તેમનાં પરિવારજનોને સોંપશે. નકસલી વડાએ આ વાત મીડિયાને કહી છે. બીજી તરફ પોલીસે ચાર નકસલીઓની ધરપકડ કરી છે જેમાંના બે તો નકસલી નેતાઓ છે. લુકાસની લાશ મળતાં તપાસ અભિયાન વધુ સઘન બનાવાયું છે ને બીજી તરફ નકસલીઓ પોલીસ કર્મીઓને છોડી દેવાની વાત કરે છે કોઇપણ શરત વગર પોલીસ કર્મીઓને છોડવાની વાત શંકાસ્પદ છે. નકસલી નેતાઓએ તો ત્યાં સુધી કહ્યું છે કે ત્રણે પોલીસ કર્મીઓ સુરક્ષિત છે ને તેમના અવાજવાળી કેસેટ દ્વારા તેમની સુરક્ષાની ખાતરી કરાવાશે. પોલીસ કર્મીઓનો અવાજ જે તે પોલીસ કર્મીની હયાતીની કેટલી ખાતરી આપી શકે તે નાનું છોકરું ય સમજી શકે તેમ છે. પકડાયેલા ચાર નકસલીઓમાં બે તો તેમના જ નેતા છે. એક છે માસ્તર માઇન્ડ જેનું ચાલે છે તે પ્રમોદ ને બીજો છે નકસલીઓનો બની બેઠેલો પ્રવકતા અવિનાશ. વાત તો નકસલીઓએ એ પણ દોહરાવી કે સરકારે બચાવ અભિયાન રોકીને તત્કાલ વાતચીત કરવી જોઇએ.

સવાલ એ થાય કે સરકાર અને નકસલીઓ વાતચીત કરવા તૈયાર છે તો શું કારણ છે કે એ શકય નથી બનતું? નથી લાગતું દાળમાં કંઇક કાળું છે અથવા તો આખી દાળ જ કાળી છે?

સરકારની ઢીલાશ બે રીતે ઘાતક છે એક તો તેની ઠંડકથી જવાનોનાં મોતના આંકડા વધતા આવે છે ને બીજી તરફ નકસલીઓ, ઢીલાશને કારણે વધુ ને વધુ હિંસક પ્રતિક્રિયાઓ આપે છે. લુકાસની હત્યા થઇ તેની સાથે સાથે મળેલી ચિઠ્ઠીમાં વોર્નિંગ હતી, પણ સરકાર ટાઢીબોળ જ રહીને પૂરા ચોવીસ કલાક તેણે એમ જ પસાર થવા દીધા. આ ઢીલાશ પુનઃર્વિચારણાને પાત્ર છે.

સરકારની ઢીલાશને કારણે પોલીસ દળો કારણ વગર મોતને ઘાટ ઊતરે છે ને તેમનો જુસ્સો ઓસરતો જાય છે, નકસલીઓની ધમકીથી તે એવા ડરેલા છે કે ફરજ પણ બરાબર બજાવી નથી શકતા. આ સ્થિતિ ટળવી જોઇએ અને સરકારે પૂરી મક્કમતાથી નકસલીઓને પડકારવા જોઇએ.

---

**‘વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ ફરજમાં બેદરકારી દાખવનાર પ્રાશ્નિકોને પાંચ વર્ષ માટે પરીક્ષાની કામગીરી નહીં સોંપવાનો નિર્ણય લઇને મનમાની કરનારા અધ્યાપકોને યોગ્ય પાઠ ભણાવ્યો છે. ‘પરીક્ષા’ વિદ્યાર્થીઓની કારકિર્દી નક્કી કરનારું મહત્ત્વનું ઘટક છે. એમાં બેદરકારી શા માટે ચલાવી લેવાય? એ જ રીતે દારૂડિયા અધ્યાપકને પોલીસમાં સોંપી દેવાનો નિર્ણય પણ અભૂતપૂર્વ છે. ગુણવત્તા સુધારણાની દિશામાં આ મહત્ત્વના, ઠોસ કદમ છે જે નિઃશંક યુનિવર્સિટીની સામાજિક પ્રતિષ્ઠામાં વધારો કરશે.’**

# ‘નર્મદ’ યુનિવર્સિટીના બે પ્રશંસનીય નિર્ણયો: ગુણવત્તા સુધારવાની દિશામાં ઠોસ કદમ!

## શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ

**એકલવ્ય**

યુનિવર્સિટીઓ દ્વારા જે કામગીરી થાય છે તેમાં પરીક્ષાઓ લેવાનું કામ સૌથી મહત્ત્વનું છે. વિવિધ પરીક્ષાઓ માટેના પ્રશ્નપત્રોની ગુણવત્તા અને ઉત્તરપત્રોના મૂલ્યાંકનની વિશ્વસનીયતા યુનિવર્સિટીને સમાજમાં પ્રતિષ્ઠા કે અપ્રતિષ્ઠા અપાવવા માટેનું કારણ બને છે. નર્મદ યુનિવર્સિટીની છેલ્લી પરીક્ષાઓ વેળાએ પ્રશ્નપત્રો કાઢવામાં કેટલાક પ્રાશ્નિકો દ્વારા જે ગંભીર બેદરકારી દાખવવામાં આવી તેણે સૌને ચોંકાવી દીધા. પ્રશ્નપત્રોની વિચિત્રતાને લીધે વિદ્યાર્થીઓ અકળાયા, ગૂંચવાયા અને સૌએ પોતાની નારાજી પણ પ્રગટ કરી. સમાજમાંથી સર્વત્ર એવી માંગ ઊઠી કે જવાબદાર પ્રાશ્નિકો સામે પગલાં ભરાવા જોઇએ. પ્રાશ્નિકોમાં કેટલાક સિનિયર અધ્યાપકો પણ હોય. એમને સજા શી રીતે કરાય? પરંતુ આ વખતે યુનિવર્સિટીએ કડક વલણ અખત્યાર કર્યું અને કસૂરવાર પ્રાશ્નિકોને પાંચ વર્ષ માટે પરીક્ષાની તમામ કામગીરીમાંથી ફારેગ કરી દીધા! આ નિર્ણય સપાટી પરથી સીધો-સાદો લાગે છે પરંતુ દૂરગામી અસરો ધરાવે છે. ભારતની યુનિવર્સિટીઓમાં સીનિયર અધ્યાપકો મગજમાં એવી ‘રાઇ’ લઇને ફરે છે અને વર્તે છે કે એમને કોઇ પૂછનાર નથી કે અમારો કોઇ બોસ નથી. તમામ અર્થમાં, તમામ હેતુઓ માટે અમે સર્વોપરિ છીએ, સર્વ સત્તાધીશ છીએ અને અમારા પ્રિન્સિપાલને કે વડાને પણ ગાંઠવાના નથી! હિંસકવૃત્તિના, અપરાધી માનસ ધરાવતા અધ્યાપકો સામે સંચાલક મંડળના પ્રમુખને કે યુનિવર્સિટીઓના કુલપતિને ફરિયાદો પણ પહોંચતી રહે છે પરંતુ કોની તાકાત છે કે એમને પડકારે કે એમનો ખુલાસો માંગે?

નીતિ નિયમોની ઐસી તૈસી કરતા અને ફરજમાં બેદરકારી દાખવતા રહેતા અધ્યાપકોને એમની હેસિયત સમજાવવાનો પ્રારંભ નર્મદ યુનિવર્સિટીએ કરી દીધો છે તેનું પ્રમાણ એના બે નિર્ણયોમાંથી સાંપડે છે. યુનિવર્સિટીએ કસૂરવાર અધ્યાપકોને પાંચ વર્ષ માટે પરીક્ષાની કામગીરીમાંથી હાંકી કાઢ્યા તે ખૂબ સારું થયું. પરીક્ષાની મહત્ત્વની કામગીરીને હળવાશથી લઇ વેઠ ઉતારનારાઓને યુનિવર્સિટીએ જિંદગીભર યાદ રહી જાય તેવો સબક શીખવ્યો છે. આવી જ કડકાઇ યુનિવર્સિટીમાં અને કોલેજોમાં ગંભીર ગેરશિસ્ત આચરી પ્રિન્સિપાલો અને વડાઓને ડરાવતા ધમકાવતા રહેતા અપરાધી માનસ ધરાવતા એકલદોકલ અધ્યાપકો સામે બતાવવાની જરૂર છે. અલબત્ત, આવા અધ્યાપકો આંગળીને વેઢે ગણાય એટલી અલ્પ સંખ્યામાં હોય છે પરંતુ એમનો પ્રભાવ અને એમની દાદાગીરી ‘એક બગડેલી કેરી ઢગલાની બધી કેરીઓને બગાડે’ તે પ્રકારની હોય છે. કુલપતિ, કુલસચિવ તથા સિન્ટિકેટ સભ્યો આવા તોફાની, આપખુદ, હંમેશાં ગેરશિસ્ત આચરતા રહેતા તત્ત્વોને ઓળખી કાઢી, જુદા તારવી એમની સામે ત્રીજું નેત્ર ખોલશે તો સંસ્થાકીય હવામાન (Orgeniztional clmate) સુધારવામાં મોટી મદદ મળશે અને પ્રિન્સિપાલો તથા વડાઓ નિર્ભયપણે, શાંતિથી પોતાની ફરજો બજાવી શકશે.

યુનિવર્સિટીએ એક દારૂડિયા અધ્યાપકને પકડીને પોલીસને સોંપી દીધો એ યુનિવર્સિટીના ઇતિહાસમાં અભૂતપૂર્વ પગલું છે અને આ હિંમત ભરેલા નિર્ણય માટે પણ ‘નર્મદ’ યુનિવર્સિટી અભિનંદનને પાત્ર છે. એક અધ્યાપક વર્ગખંડમાં દારૂ પીને આવે, લથડિયાં ખાતો ખાતો ‘ભણાવે’ એ બધું અત્યંત શરમજનક છે. યુનિવર્સિટીએ ખૂબ સરાહનીય નિર્ણય લઇને એ અધ્યાપકને વર્ગખંડમાંથી જેલમાં ખસેડ્યો. આ બંને ‘એકેડેમિક નિર્ણયો’થી સમાજમાં યુનિવર્સિટીની પ્રતિષ્ઠા વધી છે તે બાબતે કોઇને શંકા ન રહેવી જોઇએ.

કોઇ પણ શૈક્ષણિક સંસ્થામાં શિસ્ત અને સંયમનો આગ્રહ ન હોય તો સંસ્થાનો શતમુખી વિનિપાત નિશ્ચિત થઇ જાય. નીતિ અને મૂલ્યોને વરેલા પ્રિન્સિપાલ કે હેડ કામચોર, ભ્રષ્ટાચારી શિક્ષક અને અધ્યાપકને આંખના કણાની જેમ ખૂંચે છે. જો સંચાલક મંડળ આવા વડાઓને રક્ષણ ન આપે, નિર્ણયો લેવા માટે છુટ્ટો દોર ન સોંપે તો કાળક્રમે સંસ્થા ખાડે જાય. કુલપતિનો, કુલસચિવનો, સિન્ડિકેટ સભ્યોનો તથા સંચાલક મંડળોનો એવો પ્રભાવ હોવો જોઇએ કે સંસ્થાના મુઠ્ઠીભર અસામાજિક તત્ત્વો થર થર કાંપતા રહે, ગેરશિસ્ત આચરતા પહેલા અને સંસ્થાના વડા સામે બદતમીઝી આચરતા પહેલા હજાર વખત વિચાર કરે. ગેરવર્તન દાખવતા રહેતા શિક્ષકો અને અધ્યાપકોની ‘મોડેસ ઓપરેન્ડી’ સમજી રાખવા જેવી છે. તેઓ સંચાલક મંડળના એકાદ બે સભ્યોને, પ્રમુખને ખુશ રાખે છે, એમની ‘ચરણરજ’ માથે ચઢાવે છે અને પ્રસાદ સમજીને ગળામાં પધરાવતા પણ અચકાતા નથી. ‘ખુશામદખોરી’ એમનું પ્રમુખ વ્યક્તિત્વ લક્ષણ હોય છે.

આમ, ચાવીરૂપ બે ચાર માણસો સાથે ઘરોબો કેળવાઇ જાય એટલે તેઓ ‘રાજાપાઠ’માં આવી જાય! લથડિયા ખાવા માટે અને ગેરવર્તન આચરવા માટે દારૂ પીવાનું જરૂરી નથી. આ લખનારે એકાદ બે અધ્યાપકોને વગર દારૂ પીધે વારંવાર ‘રાજાપાઠ’માં આવી જતા અને બિનસંસદીય ભાષામાં, અશોભનીય શબ્દોમાં વાતો કરતા અને સાથી અધ્યાપકોને ધમકાવતા જોયા છે. કોઇ શિક્ષક કે અધ્યાપક જો ગેરશિસ્ત આચરીને પોતાના પ્રિન્સિપાલને કે વડાને એવું કહે કે, ‘હું કોઇનાથી ડરતો નથી અને મારું કોઇ કંઇ બગાડી શકે એમ નથી’ તો એમની હિંમત (?)ને દાદ આપવી પડે કે નહીં? ભારતની શ્રેષ્ઠ ગણાતી નોન ગ્રાન્ટેડ શૈક્ષણિક સંસ્થાઓમાં કોઇ બદતમીઝ કર્મચારી આવી હિંમત દાખવવાની કલ્પના પણ નથી કરી શકતો. જો એવું કરવા જાય તો બીજા દિવસે ઘરે બેસી જવું પડે અને એમનો બધો ‘નશો’ પણ ઊતરી જાય!

‘નર્મદ’ યુનિવર્સિટીએ ફરજમાં બેદરકારી દાખવનારાઓને તથા ‘આચારસંહિતા’ નહીં પાળતા શખ્સને સજા ફટકારીને પોતે યોગ્ય દિશામાં આગળ વધી રહ્યાનો સંકેત આપ્યો છે. શૈક્ષણિક સંસ્થાઓમાં છુપાઇને બેઠેલા અસામાજિક તત્ત્વો ‘બિટવીન ધ લાઇન્સ’ જે મેસેજ પડેલો છે તે ન વાંચી શકે એટલા ‘અભણ’ તો નથી જ! હું યુનિવર્સિટીના સત્તાવાળાઓને ખૂબ જ હિંમતપૂર્વકનો તથા સાચી દિશામાંનો નિર્ણય લેવા માટે અભિનંદન પાઠવું છું.

ગેરશિસ્ત આચરવાના, બળાત્કારના, જાતીય સતામણીના તથા આપખુદીથી વર્તવાના તમામ કિસ્સાઓ સરકારી અનુદાન લેતી ગ્રાન્ટેડ સંસ્થાઓમાં જ કેમ બને છે તેનાં કારણો શોધવાની જરૂર વર્તાય છે. નોકરી અંગેના અત્યંત ઉદાર નિયમો આને માટે જવાબદાર છે. જે દિવસે ગેરશિસ્ત આચરતા, બદતમીઝીથી વર્તતા, વડાનું અને સાથી કર્મચારીઓનું અપમાન કરતા રહેતા, અસહકારનું વલણ દાખવનારા કર્મચારીઓને લાત મારીને તાત્કાલિક હાંકી કાઢવાની પ્રથા શરૂ થશે તે દિવસથી શૈક્ષણિક સંસ્થાઓનું વિદ્યાકીય હવામાન આપોઆપ સુધરવા માંડશે!

### સંસ્કાર બિંદુ

**દુનિયામાં બે પ્રકારના માણસો હોય છે. સારા માણસો અને ખરાબ માણસો. સારા માણસો સારું કામ કરે છે અને ખરાબ માણસો ખરાબ કામ કરે છે. માણસો વચ્ચે આ સિવાય બીજો કોઇ તફાવત હોતો નથી.**

**(‘માય નેમ ઈઝ ખાન’નો જાણીતો સંવાદ)**

---

# ‘અતિથિ દેવો ભવ:’ને બદલે ‘અતિથિ તુમ કબ જાઓગે’ના યંત્રયુગમાં સાચુકલા માણસનો જીવંત સ્પર્શ આપણા ઉપવનને કાયમ લીલુંછમ્મ રાખી શકે છે

## મનના મઝધારેથી

**જનક નાયક**

કોણ જાણે કેમ આજે આ સંસ્કૃત સુભાષિતને વારંવાર ગણગણવાનું મન થાય છે. ‘એહિ સ્વાગતમા વિશાસનમિદં કસ્માચ્ચિરાદદશ્યસે, કા વાર્તા પરિદુર્બલોડસિ નિતરાં પ્રીતોડસ્મિ તે દર્શનાત્ ।ઈત્યેવં સમુપાગતં દ્વિજવરં સંભાવયાન્ત્યાદરાત્, તેષા યુક્તમર્શાદ્કતેન મનસા ગેહેષુ ગન્તુ સદા ॥’ એનો ભાવાનુવાદ કંઈક આ પ્રમાણે છે : ‘આવો, આપનું સ્વાગત હો. આ આસન પર આપ બેસો. આપ ઘણા વખતે દેખાઓ છો. શું ચાલે છે ? અત્યંત દુર્બલ થઈ ગયા લાગો છો ? તમારા દર્શનથી હું અત્યંત પ્રસન્ન થયો છું.’ આ પ્રમાણે જેઓ પોતાને ત્યાં આવેલા ઉત્તમ બ્રાહ્મણને (મહેમાન)ને આદરથી કહે છે, તેમના ઘરે હંમેશા નિઃશંકપણે જવું યોગ્ય છે.

આ સુભાષિત વાંચવામાં આવ્યું. સાથે જ કૃષ્ણ-સુદામાની કથા યાદ આવી ગઈ. આપણે કૃષ્ણને ભગવાન તરીકે પ્રસ્થાપિત કરી દીધા હોય, ને આખા જગતને ચલાવવાની જવાબદારી જ્યારે એમને સોંપી હોય ત્યારે સ્વાભાવિક જ એમને સામાન્ય માણસ માટે સમય હોય નહિ. તાંદુલની નાનકડી પોટલી લઈને જ્યારે શ્રીકૃષ્ણને ત્યાં સુદામા આવે છે ત્યારે સુદામા પોતે પણ ખાસ્સા અવઢવમાં હોય છે. બાળપણનો ગોઠિયો કૃષ્ણ આજે વર્ષો પછી તેની સાથે કેવું વર્તન કરશે ? વળી બંનેની સ્થિતિમાં પણ આસમાન-જમીનનો ફરક છે. સુદામાને તો એમ જ કે કૃષ્ણ તેમને વિસરી ગયા હશે. મહેલમાં જ્યારે શ્રીકૃષ્ણ સુદામાનું નામ સાંભળે છે ત્યારે સિંહાસન પરથી ઠેકડો મારીને તેઓ ઊભા થઈ જાય છે. દરબારીઓ અને રાણીઓ તેમને સુદામા તરફ દોડતા નવાઈથી અને ઉપહાસથી જોઈ રહે છે. મહેમાન સ્વયં ઈશ્વર છે એવું આપણને સમજાવનાર શ્રીકૃષ્ણની આ પણ એક લીલા જ હોઈ શકે. ઘરે કોઈ આવે ત્યારે આપણે કેવું વર્તન કરીએ છીએ ? આ સવાલનો જવાબ મારા સહિત દરેક પોતાના વર્તન દ્વારા મેળવવાની કોશિશ કરતો હોય છે. અને અલગ અલગ પ્રસંગોમાં આપણું વર્તન પણ સતત બદલાતું રહેતું હોય છે. એવું પણ બને કે, એક વ્યક્તિ સાથે બે જુદા જુદા સમયે અલગ અલગ વર્તન આપણે કરતા હોઈએ. આવનાર મહેમાન સાથે આપણે ક્યારે કઈ રીતે વર્તીએ છીએ ? ચાલો એ અંગે થોડુંક વિચારી લઈએ.

થોડાક વર્ષો પહેલાં (બહુ દૂરના સમય સુધી પણ જવાની જરૂર નથી) મહેમાન ઘરમાં આવે એટલે ખુશીનું એક મોજું ફેલાઈ જતું. સર્વત્ર આનંદ આનંદ છવાઈ જતો. ઘરના દરેક સભ્યો આવનાર મહેમાન પછી એ નાનો હોય કે મોટો આગતાસ્વાગતતામાં પરોવાઈ જતા. મહેમાનની સૂક્ષ્માતિસૂક્ષ્મ બાબતોની કાળજી લેવાતી. મહેમાનને કોઈક બાબતમાં ખોટું ન લાગી જાય એની પણ સાવધાની રખાતી. જો કે ત્યારે એવું મનાતું ઘરમાં આવનાર વ્યક્તિ એક અમિટ છાપ લઈને જતી હોય છે. જો એ સારી છાપ લઈને જાય તો સમાજમાં એ કુટુંબની વાહ વાહ થાય. પણ જો એ ખરાબ છાપ લઈને જાય તો કુટુંબની બદનામી થાય. થોડાંક વર્ષો પહેલાં દુનિયા બહુ જ નાની હતી. એટલે સાચી-ખોટી સામાજિક ઈજ્જત વધારવાની દરેક માણસ કોશિશ કરતો. બીજું, એ વખતે સમય પણ ખાસ્સો હતો. વળી સોંઘવારી પણ હતી. વળી સામાજિક ઈજ્જતથી પણ માણસ વધુ ભયભીત હતો. સૌથી મહત્ત્વનું કારણ એ કે, માણસનું હૃદય વિશાળ હતું. આજે ઈન્ટરનેટ ને ટી. વી.એ દુનિયાને અતિ સાંકડી કરી નાખી છે. પણ સાથે હૃદયનેય અતિ અતિ સૂક્ષ્મ બનાવી દીધુંછે. સ્વાર્થ નામની ઊધઈએ આપણા હૃદયને ચોમેરથી ફોલી ખાધું છે. કદાચ તેથી પણ હૃદયરોગનું પ્રમાણ વધી ગયું હોય. આખું વિશ્વ કૃષ્ણના મોંમાં આવી ગયું હતું તેમ આજે આખું બ્રહ્માંડ આપણી આંખ સમક્ષ આવી ગયું છે. એનું દુષ્પરિણામ એ આવ્યું કે, આપણી આંખ અંજાઈ ગઈ. આપણને એવો ભ્રમ થઈ ગયો કે, અહો ! આ વિશ્વ તો બહુ સૂક્ષ્મ છે. એટલે ગણેશની જેમ ત્રણ પગલામાં જ આખા વિશ્વની સફર કરી લેવા આપણે કાયમ દોડતા રહ્યા. ને એ રીતે આખા વિશ્વનો કબજો લેવાની હોડમાં ઊતરી ગયા. પરિણામે આપણી આખેઆખી લાઈફ સ્ટાઈલ બદલાઈ ગઈ. આપણા આખા દિવસને રાતે સૂતી વખતે રિવાઈન્ડ કરીને જોવાની આદત કેળવી શકાય તો કદાચ ક્રમશઃ આપણામાંનો સ્પર્ધક, ઝનૂની એસિડની જેમ જલતો માણસ થોડોક માઈલ્ડ થાય. માણસને યંત્ર તરીકે જોવાના વલણથી અનેક પ્રશ્નો સર્જાયા છે, જે કદી સુલઝી શકે તેમ નથી.

સવારે ઊઠતાંની સાથે આપણા શરીર કરતાં પણ આપણું મન સૌથી વધુ પ્રવૃત્તિમય બની જતું હોય છે. બીજાઓથી આગળ નીકળવા માટે દરેક જણ મરણિયાં પ્રયાસ કરતો હોય છે. પરિણામે આપણા માટે સમય કાયમ ખૂટતો હોય છે. આખી જિંદગી આપણે સમય સાથે સતત લડતા રહીએ છીએ. ટાઈમ મેનેજમેન્ટ વિશે આપણે સતત ચિંતિત રહીએ છીએ. આખા દિવસની સતત દોડધામ પછી આપણે સ્ટ્રેસ એ બાબતનો અનુભવીએ છીએ કે, જે મળવું જોઈએ એ મળી શક્યું નથી. સમય ઓછો પડી ગયો. ઘણાં કામ રહી ગયા, કેટલાક નવા વિચારો આવ્યા હતા. પણ એ વિશે વિચારવાનો સમય જ મળ્યો નહિ. આગળ જવાની કોશિશ કરી હતી. ભારે વ્યસ્તતા વચ્ચે પણ અંતે એવું લાગ્યું કે, બીજા અનેક માણસો આપણાથી આગળ વધી ગયા છે. પાછળ નીકળી જવાનો આ દર્દનાક અનુભવ આપણને કાયમ વ્યગ્ર રાખે છે. ઘર ઘર રહેતું નથી, ઑફિસ એ ઑફિસ રહેતી નથી. અને આપણે જીવનના સાચા આનંદથી વંચિત રહી જઈએ છીએ. ત્યારે આપણને ખબર પણ નહિ પડે એ રીતે પશુ આપણામાં ફેલાઈ જતું હોય છે. મનુષ્યત્વ અને પશુત્વની ભેદરેખા જ્યારે ભૂંસાઈ જાય ત્યારે સમજવું કે, આપણે જંગલ તરફ પ્રયાણ કરી રહ્યા છીએ.

આપણને આપણા માટે પણ સમય નથી. સમય પર આપણા જ સ્વાર્થનો વરખ લાગી ગયો હોય છે. સમય સાથે જાણે આર્થિકતા સંકળાઈ જાય છે. આરામથી બેસીને સમયને આનંદથી પસાર થતો જોવાનું આપણને ફાવતું નથી. એક મિનિટ આપણને કોઈ પણ લાભ આપ્યા વિના પસાર થઈ જાય તો આપણે ઉદ્વિગ્ન બની જઈએ છીએ. પછી બીજી મિનિટમાં બમણો લાભ મેળવવા ઝનૂની બની જઈએ છીએ. આ ઝનૂન આપણને અને આપણી સાથેના અનેકની વચ્ચેના પૂલને તોડવાનું કામ કરતું હોય છે. આજે દરેક મનુષ્યને બીજા મનુષ્ય વિશે ફરિયાદ છે. કોઈકની યાદ આવે છે તેય ફરિયાદના સ્વરૂપમાં. આપણે આપણા જ બનાવેલા વર્તુળમાં ચકરાતા જઈએ છીએ, ફસાતા જઈએ છીએ. આપણે પથ્થરનો મહિમા કરીએ છીએ, મનુષ્યનો મહિમા કરવાનું આપણને ફાવતું નથી. ‘મહેમાનગતિ’ જેવો શબ્દ ડીક્ષનરીમાંથી ધીમે ધીમે અદશ્ય થતો જાય છે.

શહેરો હવે અત્યાધુનિક બની રહ્યાં છે. માણસો વચ્ચેની ખાઈ દરરોજ પહોળી થતી જાય છે. કોઈકને મળીએ ત્યારે આપણને લાગે છે એક ધબકતા લોહીમાંસના માણસને નથી મળતા. પણ એક યંત્રને મળી રહ્યા છે. સંબંધ ચલાવવો હોય તો સ્વીચ દાબો. કામ પતી જાય પછી સ્વીચ ઑફ. સુંદરમની આ કાવ્યપંક્તિ ‘હું માનવી માનવ થાઉં તો ઘણું’ સતત આપણને માણસ બનવા માટે ઉશ્કેરે છે. પણ આપણા લાખ પ્રયાસો છતાં માણસ બની શકાતું નથી. ને સામા માણસને તીવ્રતમ ઈચ્છા હોવા છતાં સન્માની શકાતું નથી. ઊમળકો આપણા સૌના જીવનમાંથી અદશ્ય થતો જાય છે. આપણા મનના કેલ્ક્યુલેટર પર ગણતરીઓ આવી જ જાય, ને સામો માણસ ‘કામના’ અને ‘નકામા માણસ’માં વિભાજિત થઈ જાય. સંવેદના પછી ગુમાઈ જાય. અંગત સંબંધોમાં પણ આ રીતે જ સતત વિભાગીકરણ થતું રહે છે. ને પછી ‘લાગણી’ને ગ્રહણ લાગી જાય. પછી રહી જાય લાભાલાભની ગણતરીઓ.

માણસને માણસ તરીકે સન્માનવા માટે દરેક માણસે એક અભિયાન ચલાવવું જોઈએ. ‘ટોપ ટેન’માં પહોંચવા માટેનો પ્રચંડ પુરુષાર્થ આપણા માણસરથને સતત ભોંયમાં ધકેલતો જાય છે. કર્મ કરવાનું તો છે જ. પણ એનો આનંદ જ જો છિનવાઈ જતો હોય તો એ કર્મ નથી, ઢસરડો છે. તો એ ઢસરડો જેવું કર્મ આપણને અકાળે વૃદ્ધત્વ તરફ ખેંચી જાય છે. અકાળે વૃદ્ધત્વ ન સ્વીકારવું હોય તો માણસને માણસ તરીકે સ્વીકારો. માણસને પ્રેમ કરાશે તો આપોઆપ કર્મ પણ સાક્ષીભાવથી થશે, જે આનંદ સિવાય બીજું કશું જ આપશે નહિ. જેને માટે આખી જિંદગી શ્વસીએ છીએ એ જ આનંદ જીવનમાંથી છિનવાઈ જતો હોય તો એના જેવી બીજી કરુણતા કઈ ? જિંદગીને ભોગવો, ને સાથે આનંદને પણ ભોગવો, એ શક્ય છે માત્ર ને માત્ર માણસનો મહિમા કરતાં કરતાં.

જો કે ‘અતિથિ દેવો ભવ:’ને બદલે ‘અતિથિ તુમ કબ જાઓગે’નો મહિમા વધી ગયો છે. બધું જ સપાટી પરનું. લગ્નમાં જઈએ તેય ઉભડક, તો સ્મશાનમાં જઈએ તેય દોડતાં દોડતાં. મોબાઈલ ફોન સાથેનો આપણો સંબંધ કદાચ પ્રિય (?) પત્ની કરતાંય વધુ છે. પત્ની સાથે વાત કરવાનું નહિ ગમે, પણ ફોન પર લાંબો સમય સુધી હોશે હોશે વાતો કરીએ છીએ. સાચા માણસો આપણી ચોપાસથી જાણે ખસી ગયા છે. ને ટી. વી.ની સિરિયલનાં પાત્રો આપણા દોસ્ત બની ગયા છીએ, જેની સાથે ક્યારેય આપણે વાતો કરી શકતાં નથી. જેની સાથે ક્યારેય આપણી લાગણી વહેંચી શકતાં નથી. જેઓની કાયમ બકવાસ આપણે સાંભળતા રહીએ છીએ. એનું પરિણામ માત્ર ને માત્ર સ્ટ્રેસ. જિંદગીને આનંદમય બનાવવી હોય તો માણસમાં ઈશ્વરને જુઓ. પરિણામે આપણે પછી મંદિરમાં ભગવાનને શોધીશું નહિ. સાચુકલા માણસનો જીવંત સ્પર્શ આપણને કાયમ તરોતાજા રાખતો હોય છે.

---

# ચર્ચાપત્રો

## શનિવારના હાટનું હવે સ્થળાંતર કરો

સુરતમાં તાપી તટે ભરાતા શનિવારીય હાટ બજારનું ઐતિહાસિક મૂલ્ય તો ખરું જ શનિવારીય હાટ બજારમાં જીવન જરૂરીયાતની લકઝરીથી માંડીને જુની પુરાણી વસ્તુઓ અમીર, ગરીબ તમામને પોષાય એ કિંમતે ઉપલબ્ધ હોય છે. શનિવારીય હાટ બજારમાં વ્યાપાર કરતા વ્યાપારીઓ તથા ખરીદ કરનાર ગ્રાહકોને દર અઠવાડિયે શનિવારના દિવસનો ઇંતેજાર હોય છે. સુરત શહેર તથા શહેર ફરતે નજીકમાં આવેલા અનેક ગામડાઓમાંથી હાટબજારમાં દિવસ દરમ્યાન લાખોની સંખ્યામાં લોકો પોતપોતાની જરૂરિયાતની વસ્તુઓ - ખરીદ કરવા આવતા હોય છે. પરંતુ હાલની જગ્યાએ ભરાતા હાટબજારની સ્થળ સ્થિતિ જોતાં, હાટ બજારમાં આવતા લોકોની તંદુરસ્તીની દૃષ્ટિએ, તથા સલામતીની દૃષ્ટિએ અગવડરૂપ છે. શનિવારીય હાટ બજારની મોટા ભાગની જમીન પર હોવર ક્રાફટની મોટા ભાગની જમીન પર હોવર ડ્રાફટની મિલકત માટે તારની વાડ કરવામાં આવી છે અને બાકી બચેલી જમીન પર અન્ય દિવસોમાં લોકો મળ મૂત્રનો ત્યાગ કરે છે અવર જવર માટે પણ ખૂબ જ સાંકડી જગ્યા બચે છે આકસ્મિક પ્રસંગે લાખો લોકોની સલામતીનો પ્રશ્ન છે વળી ટ્રાફિક પોલીસ પણ હોય છે.

એકથી વધુ ક્રેઇન કામે લગાડે છે. ટ્રાફિકને અડચણ રૂપ નહિ હોય તેવા અસંખ્ય વાહનોને દિવસ દરમ્યાન ઉંચકીને ચોપાટી ખાતે આવેલી કચેરીએ લઇ જાય છે અને જનતા પારાવાર મુશ્કેલી અનુભવીને લોક પ્રતિનિધિઓએ કદી આ પ્રશ્ન સંકલન સમિતિમાં ઉઠાવેલ હોવાનું લાગતું નથી - વળી ઘણી વખતે વારે તહેવારે શનિવારનો હાટબજારનો દિવસ આવતો હોવાથી સત્તાવાળાઓ દંડાવાળી કરીને હાટબજાર બંધ કરાવે છે. પરિણામ સ્વરૂપ ગરીબોની રોજીરોટી ઝુંટવાય છે.

શનિવારીય હાટબજારનો ‘ઐતિહાસિક મૂલ્ય’ પણ જળવાઇ રહેશે. અને કોઇના પક્ષે કશુંય ગુમાવવાનું પણ આવશે નહિ.

સુરત

**અબ્દુલ્લા એ. હાફેઝજી**

## શું છે આપણું

પરમાત્માએ પૃથ્વીનું સર્જન કર્યું ત્યારે દરેક સજીવો કરતાં મનુષ્યને વિશિષ્ટ પ્રકારની બુદ્ધિ આપી છે. પૈસા પાછળની આંધળી દોટ, કિર્તી તેમજ ભૌતિક સંપત્તિથી ઘેરાયેલા આ કાળામાથાના માનવીને હું કંઇક છું, મારા થકી જ આ થાય છે. આમ ખોટા અભિમાનમાં રાચીને સત્તા અને સંપત્તિના જોરે બેફામ બની બીજાને હેરાન પરેશાન કરવામાં કંઇપણ કસુર છોડતો નથી. પરંતુ ભાઇ જરા થોભ, અને વિચાર કર. આપણી આ કાયા કાચી માટીની બનેલી છે. આપણને જન્મ બીજાએ આપ્યો, આપણું નામ બીજાએ પાડયું, આપણને કર્મ (કામ) કરતાં બીજાએ શીખવ્યું. અરે, એથી આગળ મૃત્યુ ટાણે બીજા જ આપણી સ્મશાન યાત્રા કાઢે છે. તો આપણું અહીં કંઇ છે ખરું? તો તું આ બધી ઉપાધિ શાને કરે છે? છેલ્લે આપણું કંઇ જ નથી! નથી! નથી જ!!

કુકેરી

**અમૃતસિંહ પરમાર**

## બહુમતિ એ સત્યનો પર્યાયી નથી

લોકતાંત્રિક સમાજ વ્યવસ્થામાં બહુમતી માત્ર અને માત્ર તમને શાસન કરવાની, નેતૃત્વ કરવાની જ તક પૂરી પાડે છે. પરંતુ જે લોકો લોકતાંત્રિક સમાજ વ્યવસ્થાને બરાબર સમજતા નથી તેઓ પોતાને મળેલી બહુમતીને સત્યનો પર્યાય માની બેસે છે.

આપણા બંધારણ વિદોએ જયારે માણસને મતાધિકાર કે પ્રતિનિધિત્વના અધિકાર પ્રદાન કર્યા ત્યારે કોઇ પણ પ્રકારના સારા નરશા વિશેષણ કે મૂલ્યને કેન્દ્રમાં નથી રાખ્યું પરંતુ મનુષ્ય તરીકેના નિરપેક્ષ અસ્તિત્વને સ્વીકાર્યું છે. જે ખૂબ જ મહત્ત્વની અને યાત્રિક બાબત છે.

સત્તા, સંપત્તિ, જ્ઞાન અને શકિતના સ્થાપિત વર્ગોને અને વ્યકિત વિશેષોને બંધારણવિદોની ‘નિરપેક્ષ નાગરિક’ માટેની પ્રતિબ્ધતા નડે છે, કહે છે તેઓની સંપ્રજ્ઞાત અને સસંપ્રગાત ચેતનામાંથી વારંવાર એવા ચિત્રકારો સાંભળવા મળે છે કે મતદાતા કે પ્રતિનિધિથી શિક્ષિત હોવો જોઇએ, શકિતશાળી હોવો જોઇએ, સંપત્તિવાન હોવો જોઇએ. અને રાજવીઘરાનાનો હોવો જોઇએ.

પરંતુ ‘નિરપેક્ષ નાગરિક’ના મતાધિકારને કારણે ગમે તેવી વ્યકિત પ્રતિનિધિ તરીકે ચૂંટાઇ આવે છે. આ ઘટના સ્થાપિતવર્ગો માટે અમુખ પેદા કરનારી છે.

બહુમતીથી ચૂંટાઇ આવનાર વ્યકિત કે સમુહ કે પક્ષે પણ એ વાત ખ્યાલમાં રાખવાની છે કે તેમને મળેલી બહુમતીએ માત્ર શાસન કરવાની તક છે. તેમણે પોતાને લોકોએ સત્વવાદી તરીકે કે સંત કે સજજન તરીકે પસંદ કર્યા છે, એવું નહીં માનવું જોઇએ.

**સન્મિત્ર**

## મશ્કરીરૂપ નિયમો

પ્રાથમિક શાળાઓમાં કેટલેક સ્થળે ધો. ૧ - ૨ તથા ૩ - ૪ ને ભેગાં બેસાડવામાં આવે છે. કેટલેક સ્થળે તો ધો. ૧ થી ૪ નાં બધાં બાળકોને ભેગાં બેસાડીને એક જ શિક્ષક ભણાવે. સરકારે એવો નિયમ રાખેલો છે કે ધો. ૧ થી ૪ માં જો ૬૯ થી વધારે બાળકો અભ્યાસ કરતાં હોય તો જ બીજો શિક્ષક નીમવામાં આવે. આથી ઊલટું, ધો. ૫, ૬, ૭ માં દર ૧૫ બાળક દીઠ એક શિક્ષક નીમવામાં આવે છે.

કોઠારી પંચે ૧૯૬૫ માં એવી ભલામણ કહેલી કે સરકારે રાષ્ટ્રીય આવકના ૬ ટકા જેટલો ખર્ચ શિક્ષણ પાછળ કરવો જોઇએ. હાલ રા. ખા. ના ૩૧.૨ ટકા જેટલો ખર્ચ શિક્ષણ પાછળ કરવામાં આવે છે.

અને તો પણ આપણી પ્રાથમિક શાળાઓમાં ગુણવત્તા સભર શિક્ષણના નામે મીંડું જ રહ્યું છે. જિલ્લા પંચાયત કે નગર પ્રાથમિક શાળાઓમાં ભણીને આઠમા ધોરણમાં પ્રવેશ પામનાર કેટલાંય બાળકો સામાન્ય ગુણાકાર / ભાગાકાર કરવામાં કાચા માલૂમ પડે છે.

ભણાવનારા શિક્ષકોમાં નિષ્ઠ ઓછી હશે કે એમનું નિરીક્ષણ કરનાર શિક્ષણ - નિરીક્ષકો સાચું નિરીક્ષણ કરીને સૂચનાઓ નહિ આપતા હોય. આ ઉપરાંત ધો. ૧, ૨, ૩, ૪ નાં બાળકોની ૬૯ ના આંકડાની મશ્કરીરૂપ વ્યવસ્થા પણ પરિવર્તન માગે છે. જો ધો. ૫, ૬, ૭ માટે દર ૧૫ બાળકો દીઠ એક શિક્ષક નીમી શકાય તો ધો. ૧, ૨, ૩, ૪ મા શા માટે નહિ? બાળક જો શરૂઆતથી જ કાચું રહી જવા પામે તો તે પછી ઉપરનાં ધોરણોમાં શી રીતે પાકું થાય?

બીલીમોરા

**ડૉ. મોહનભાઈ પટેલ**

## અશુભ કાર્ડમાં પણ મોદી!

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અણનમ બેટીંગ કરી રહેલા નરેન્દ્ર મોદી એક ભાતીગળ પ્રતિભા છે. અને દરેક ક્ષેત્રમાં તેનું આગવું પ્રદાન છે. ગુજરાત સરકારની કોઇપણ યોજના હોય કે તેના બેનર - પોસ્ટરોમાં મોદીનો ફોટો અવશ્ય હોય છે.

આમ નરેન્દ્ર મોદીના ફોટાનું ઘેલું હવે સામાન્ય કાર્યકરોને પણ લાગ્યું છે. હાલમાં એક સ્નેહીમાં અવસાનના બેસણાં અંગેનો અશુભ - કાર્ડ મારે ત્યાં આવ્યો. તેમાં બેસણાના કાર્ડમાં પણ નરેન્દ્ર મોદીનો ફોટો હતો. સ્નેહી સાથે મેળાપ થયો ત્યારે મેં પુછયું ઘરના મરણના કાર્ડમાં મોદીનો ફોટો કેમ? તેમણે કહ્યું હું ભલે ભારતીય જનતા પક્ષનો કાર્યકર છું પરંતુ મરનાર તો મતદાર ખરા ને? ગુજરાતની સાડા પાંચ કરોડ વસતિમાંથી એક મતદાર ઓછો થયો તે દુઃખની વાત છે.

તરસાડા (માંડવી)

**પ્રવીણસિંહ મહિડા**